**મા. અધ્યક્ષ શ્રી,**

- સિકલ સેલ એનીમીયા ભારત ની આદીજાતિ વસ્તીમાં જોવા મળતો આનુંવંશિક વારસાગત રોગ છે. ૨૦૦૬ માં  જાહેર અને ખાનગી ભાગીદારી નાં આધારે સીકલ સેલ નિયંત્રણ કાર્યક્રમ માં ગુજરાત પ્રથમ રાજ્ય બન્યુ છે.

**મા. અધ્યક્ષ શ્રી,**

- સિકલ સેલ એનીમીયા એ રકતકણ માં રહેલાં ખામીયુકત હિમોગ્લોબિન-એસ ના કારણે આ રોગ થી પીડાતી વ્યક્તિ ના રકતકણ માં જરૂરી માત્રા માં ઓક્સિજન ન હોવાને કારણે રક્તકણ ગોળ માંથી દાંતરડા જેવા આકાર નો બની જાય છે.

જેને કારણે પીડિત વ્યક્તિ માં ગંભીર પીડા, ટૂંકું આયુષ્ય અને અંગો ને નુકશાન થાય તેવા જોખમો નું નિર્માણ થાય છે.

**મા. અધ્યક્ષ શ્રી,**

- આ સ્વાસ્થ્ય નાં પડકાર ને પહોંચી વળવા માટે ગુજરાત સરકાર નું આરોગ્ય વિભાગ સિકલ એનિમિયા થી પ્રભાવિત વ્યક્તિ ઓની વ્યાપક સંભાળ અને સહાય પૂરી પાડવા માટે ઘણી પહેલ હાથ ધરી છે.

**મા. અધ્યક્ષ શ્રી,**

- મા. વડાપ્રધાન નરેન્દ્ર ભાઇ મોદી દ્વારા સીકલ સેલ એનિમિયા, એલીમીનેશન મીશન ની જુલાઈ ૨૦૨૩ થી શરૂઆત કરવામાં આવેલ છે.

**મા. અધ્યક્ષ શ્રી,**

- ગુજરાત રાજ્ય નાં ડાંગ, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર, દાહોદ, પંચમહાલ, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા આ ૧૪ જિલ્લાઓમાં લગભગ ૧ કરોડ ૨ લાખ થી વધુ આદિજાતિ વસ્તી ને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવી છે.

**મા. અધ્યક્ષ શ્રી,**

- સિકલ સેલ એનિમિયા સાથે જીવતા વ્યક્તિઓને વિશેષ સંભાળ પૂરી પાડવા માટે હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ને મજબૂત કરવા માટે રાજ્ય સરકારે આયુષમાન ભારત અને માં યોજના હેઠળ આવા દર્દીઓને જરૂરી સારવાર, સર્જરી વિનામૂલ્યે મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે.

**મા. અધ્યક્ષ શ્રી,**

- રાજ્ય સરકારના આદેશ મુજબ સિકલ સેલ એનીમિયા ના દર્દીને જ્યારે પણ બ્લડ ટ્રાન્સફયુસન ની જરૂર પડે ત્યારે નિયત બ્લડ

બેન્ક માંથી વિના મૂલ્યે બ્લડ પૂરું પાડવામાં આવે છે. તેમ છતાં જો કોઈ દર્દીને ખર્ચ થાય તો તે રીએમબર્સ કરવામાં આવે છે.

**મા. અધ્યક્ષ શ્રી**,

- આગામી સમયમાં ૧૦૦% કિસ્સાઓમાં વિનામૂલ્યે બ્લડ ટ્રાન્સફયુસન મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

**મા. અધ્યક્ષ શ્રી**,

- સિકલ સેલ એનીમિયામાં ભારત ત્રીજા ક્રમે છે, ત્યારે આ કાર્યક્રમ ના અમલીકરણ અને સફળ બનાવવા માટે ગુજરાત ની આ સંવેદનશીલ સરકાર પ્રતિબંદધ છે, તે માટે,

સહભાગિતા સુનિચ્ચિત કરવા

|

મોટા પાયે જાગૃતિ લાવવા

|

વિવિધ સ્તરે મોનીટરીંગ મિકેનિઝમ

|

પરીક્ષણ સ્ક્રિનિંગ – ઈલેક્ટરોફોરેસિસ – સ્માર્ટ કાર્ડ

|

સારવાર – દવા – રસીકરણ

|

આહાર સહાય, રોગ વિશે પ્રચાર, પ્રસાર

|

સમય સર કાઉનસેલિંગ

|

જેવી બધી જોગવાઇઓ સુનિશ્ચિત કરવામાં આવશે

**મા. અધ્યક્ષ શ્રી,**

- મિશન વર્ષ ૨૦૪૭ સુધી સિકલસેલ એનીમિયા નાબૂદ કરવાનો માર્ગ મોકળો રહેશે, અને ભારત દેશ ની આ ધરોહર ને જીવંત રાખનાર જનજાતિ સમાજની વસ્તીનું અસ્તિત્વ સુરક્ષિત રહેશે અને સ્વસ્થ ગુજરાત સ્વસ્થ ભારત ની કલ્પના સાકર થશે.

**મા. અધ્યક્ષ શ્રી,**

- વર્ષ ૨૦૦૬ થી સિકલસેલ રોગ ની ગંભીરતા ને ધ્યાને લેતા સ્ક્રિનિંગ કાર્યક્રમ હેઠળ ૭.૨૨ લાખ સિકલસેલ વાહક મળેલ છે.
- ૩૨૧૯૭ સિકલસેલ એનીમિયા ના રોગ ના દર્દી મળેલ છે. જેમાં ૧૪૫૨૨ પુરુષ અને ૧૭૬૭૫ સ્ત્રીઓ છે. હાલમાં ૨૭૭૨૯ દર્દીઓ સારવાર હેઠળ છે.

૦ થી ૧૪ વર્ષના – ૬૭૮૯

૧૫ થી ૩૦ વર્ષના – ૧૧૭૮૨

૩૧ થી ૫૦ વર્ષના – ૬૩૮૪

૫૦ થી ઉપરના – ૨૭૭૪

- હાલ – ૮૩૬૦ દર્દીઓ હાયડ્રોકસિ યૂરિયા ની સારવાર હેઠળ છે.

**મા. અધ્યક્ષ શ્રી,**

- મારા નર્મદા જિલ્લામાં ૫,૯૩,૭૦૩ લોકોનું સ્ક્રિનિંગ કરવામાં આવેલ છે.

  - જેમાંથી ૫૩૨૯૬ સિકલસેલ વાહક મળેલ છે.
  - જેમાંથી ૧૮૦૨ સિકલસેલ એનીમિયાના દર્દીઓમાં
  - ૮૧૧ પુરુષો અને ૮૬૨ સ્ત્રીઓ છે.

**મા. અધ્યક્ષ શ્રી,**

- ➢ ૧૬૭૨ દર્દીઓ દરવાર હેઠળ છે.

**મા. અધ્યક્ષ શ્રી,**

૦ થી ૧૪ વર્ષના – ૩૮૪

૧૫ થી ૩૦ વર્ષના – ૧૦૫૩

૩૧ થી ૫૦ વર્ષના – ૧૮૨

૫૦ થી ઉપરના – ૬૦

- આમ કુલ ૨૧૫ દર્દીઓ હાયડ્રોકસિ યૂરિયા ની સારવાર હેઠળ છે.
- ડિજિટલ ટેક્નોલોજી ના માધ્યમથી વેબ પોર્ટલ મા વર્ષ ૨023-૨૪ ના ગુજરાત સરકારના લક્ષાંક ૨૨,૭૯૨૧૨ ની સામે ૩૨,૧૦૧૨૭ નોંધણી કરવામાં આવે છે.
- ૧૯ જૂનના વિશ્વ સિકલસેલ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ગુજરાત સિકલસેલ એનીમિયા સોસાયટી ૨૦૧૧ દ્વારા ઝડપી નિદાન ની પ્રક્રિયા હાથ ધરાય છે.

- આવો સૌ સાથે મળી સિકલસેલ અનેમિયા મુક્ત સમાજ નું નિર્માણ કરીએ.